# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




રળી લે શક્તિમુજબ ગરીબોને ગળી જાય છે,
કાયદાની ગૂંચો ને ન્યાયની ઢીલ ફળી જાય છે,
ટળી જાય છે સજાને બળી જાય છે બદનામી -
કળી જાય 'ક્લીનચીટ' અને 'ન્યાય' મળી જાય છે!!
(નિર્દોષ સત્તાધીશો)




સેના વાસૂકી,
ને પવારની પીઠે -
સત્તા મંથન
(સત્તા સમુદ્ર-મંથન)

સ્વતંત્ર સૂબા -
'કેબીનેટ'માં સ્થાન
મુક્ત આહાર
(-ને હવે તો નિર્ભય મૂષકો)

## ચિંતન

**ને વિષમ મૃતં કર્તું શક્યં પ્રયત્ન શતૈરપિ ત્યજતિ કટુતાં ન સ્વાં નિમ્બઃ સ્થિતો અપિ પયોહદે ।**
**ગુણ પરિ ચિત્તા માર્યા વાણીં ન જલ્પતિ દુર્જનશ્ચિરમપિ બલાધ્માતે લોહે કૃતઃ કનકા કૃતિઃ ॥**

'સેંકડો પ્રયત્નો કરો તો પણ ઝેરને અમૃત કરી શકાય એમ નથી. ઝેરની પ્રકૃતિ ઝેરી છે અને તે ઝેર જ રહે છે ઝેરનું પાન એટલે મૃત્યુ જ.'

એવી જ રીતે દુર્જન ને ગમે તેવા વિનય વિવેક સાથે વ્યવહાર કરો. પરંતુ તે સામે પ્રત્યાઘાત રૂપે વિનય-વિવેકની વાણી કે વ્યવહાર આચરતો નથી.

માણસને ગમે તેટલો બોધ આપો, સમજાવો પણ પોતાનો જક્કી-અબૂધ સ્વભાવ છોડતો નથી. પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે.

લોખંડને ગમે તેટલું તપાવો પણ લોખંડના તાર ખેંચાય નહીં અને જેવી રીતે સોનાને આકાર આપી શકાય છે એવો આકાર આપી શકાતો નથી.

## સુવિચાર

- ઉસ ખુદા કી તલાશ મેં હું..
  જો ખુદા હો કે ભી આદમી સા લગે — **- અંજુમ સિદ્દીકી**
- હું આજે જે છું તે મારા સંજોગોને કારણે નહીં પણ મારા નિર્ણયોને કારણે છું — **- સ્ટીવ જોબ્ઝ**
- ખુદની તારીફ કરવી જરાયે જરૂરી નથી કારણ કે આપણી મહાનતા શરતોને આધિન નથી — **- સિરાઝ શીશાવાલા**
- પુરુષ સામે જોતા હોય હા એ હા કરતો હોય છતાંય ના સાંભળતો હોય એવું ય બને.. અને પત્ની કોઇ કામમાં ડૂબેલી હોય અને બીજા સાથે વાતો કરતી જતી હોય છતાંય સાંભળતી હોય એવું ય બને — **- હંસલ ભચેચ**
- તમારી ક્ષમતાને ઓળખીને અને તેના પર વિશ્વાસ મૂકીને કોઇ એના પર વધુ સારી દુનિયા સર્જી શકે છે — **- દલાઇ લામા**
- નાની નાની બાબતોમાં સચ્ચાઇને ગંભીરતાથી ન લેનાર પર મોટી બાબતે ભરોસો રાખી ન શકાય — **- સંત રોબિન**
- ગમે તેવા સંજોગોમાં હતાશ ન થવું એ જ સફળતાનું મૂળ છે અને એ જ પરમ સુખ પણ છે — **- જ્ઞાનસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ખરાબ બે નંબરી (કુલક્ષ્મી) ની આવક ખોટો ખોરાક (અધર્મ-પાપ સાથે તામસી-તૈલી-વાસી અપવિત્ર) અને એશ આરામ ભરી, પરિશ્રમ વિનાની જિંદગી ભલભલા સંતના મનમાં પણ વિકાર પૈદા કરી એને તન-મનથી અશક્ત કરી નાખે છે.

મહાભારત યુદ્ધનો પ્રથમ દિવસ જ હતો. દુર્યોધન (સચિન અને વિરાટ કોહલી જેમ) ગુરુ દ્રૌણાચાર્યને જ મેદાને મોકલ્યા એને એમ કે પાંડવો પહેલે જ દિવસે પરાસ્ત થઇ જશે...

ત્યાં તો સાંજે ઘવાયેલા-હારેલા દ્રૌણ પાછા આવ્યા. દુર્યોધન ગુસ્સામાં-શંકાથી એને મળવા ગયો કહ્યું, ગુરુજી! અર્જુન તો બાણવિદ્યામાં અને બધી રીતે તમારો શિષ્ય છે. આમ છતાં તમારી સામે કેમ વિજયી થયો?

દ્રૌણાચાર્યએ વિચારીને જવાબ દીધો, 'દુર્યોધન, તારી વાત સાચી છે. અર્જુન મારો શિષ્ય ખરો પણ હું વર્ષોથી મહેલમાં એશઆરામની અને અન્યાયની રોટલી ખાઉં છું; એથી મારી મતિ અને શક્તિ હણાઇ ગયાં છે. જ્યારે અર્જુન બારવર્ષથી વનમાં ભટકી તપશ્ચર્યા કરી ન્યાય-નીતિનો રોટલો ખાય છે. તેથી મારા કરતાં હવે તે વિશેષ બળવાન થઇ ગયો છે.'

Email - sureshchandrabhatt18@gmail.com

# પાર્કિન્સન માનવ શરીરના કયા અંગ સંબંધિત રોગ છે?

## વિજ્ઞાન જગત

(૧) કઈ ધાતુને પાણીમાં નાખવામાં આવે તો ધડાકા સાથે સળગી ઉઠે છે?
(અ) સોડિયમ (બ) ફોસ્ફરસ
(ક) પોટેશિયન (ડ) સલ્ફર

(૨) પાર્કિન્સન માનવ શરીરના કયા અંગ સંબંધિત રોગ છે?
(અ) હૃદય (બ) કિડની
(ક) આંખ (ડ) મગજ

(૩) ટાઈફોઈડ શરીરના કયા ભાગને અસર કરે છે?
(અ) હૃદય (બ) જઠર
(ક) આંતરડા (ડ) ગળું

(૪) નીચેનામાંથી કયું તત્ત્વ છોડની વૃદ્ધિ માટે જરૂરી નથી?
(અ) પોટેશિયમ (બ) મેગ્નેશિયમ
(ક) કેલ્શિયમ (ડ) સોડિયમ

(૫) જો પૃથ્વી પરથી વનસ્પતિ નેસ્તનાબુદ થઈ જાય તો કયા વાયુની ઉણપ ઊભી થાય?
(અ) ઓક્સિજન (બ) કાર્બન ડાયોકસાઈડ
(ક) નાઈટ્રોજન (ડ) મિથેન

(૬) નીચેનામાંથી કયો વાયુ પ્રદૂષણ કરે છે?
(અ) ઓક્સિજન (બ) નાઈટ્રોજન
(ક) ઓર્ગોન (ડ) સલ્ફર ડાયોકસાઈડ

(૭) નીચેના પૈકી કયા અવયવમાં ગ્લુકોઝનું ગ્લાયકોનમાં રૂપાંતર થાય છે?
(અ) યકૃત (બ) પિત્તાશય
(ક) જઠર (ડ) સ્વાદુપિંડ

(૮) પાંદડાવાળા શાકભાજીમાં નીચેનામાંથી કયું તત્ત્વ સૌથી વધારે હોય છે?
(અ) ફોસ્ફોરસ (બ) જસત
(ક) લોહ (ડ) કેલ્શિયમ

(૯) માનવશરીરમાં લોહીમાંના નકામા તત્ત્વોને દૂર કરવાનું કાર્ય કોણ કરે છે?
(અ) ફેફસાં (બ) આંતરડા
(ક) યકૃત (ડ) કિડની

(૧૦) નીચેનામાંથી કયો પદાર્થ કાર્બનનું ક્રિસ્ટલ રૂપ છે?
(અ) લિગ્નાઈટ (બ) કોલસો
(ક) ચારકોલ (ડ) હીરો

(૧૧) આયોડીનની ઉણપથી શરીરમાં શેનો રોગ થાય છે?
(અ) બ્રોન્કાઈટ્સ (બ) મેનેન્જાઈટલ
(ક) ગોઈટર (ડ) થેલેસેમિયા

(૧૨) કૃત્રિમ વરસાદ વરસાવવા કયા કેમિકલનો ઉપયોગ થાય છે?
(અ) સિલ્વર બ્રોમાઈડ (બ) એમોનિયમ નાઈટ્રેટ
(ક) સિલ્વર આયોડાઈડ (ડ) સોડિયમ કલોરાઈડ

(૧૩) ખનીજ તેલ કયા પ્રકારના ખડકોમાંથી મળે છે?
(અ) અગ્નિકૃત (બ) વિકૃત
(ક) જળકૃત (ડ) આરસપહાણ

(૧૪) રેડિયોલોજી એ શા ને લગતો અભ્યાસ છે?
(અ) સૂર્ય કિરણો (બ) ક્ષ-કિરણોનો
(ક) બીટા કિરણો (ડ) આલ્ફા-કિરણો

(૧૫) કોસ્મોલોજી વિજ્ઞાનની કઈ શાખા છે?
(અ) સમુદ્ર (બ) વનસ્પતિ
(ક) બ્રહ્માંડ (ડ) કોષ



## ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૧ નવેમ્બર ૧૮૯૧ અલ્ફ્રેડ હેનરી સ્ટુર્વન્ટ - અમેરીકન જનેટીસ્ટ - જીન્સના લોકેશનને જાણવાની પદ્ધતિ વિકસાવનાર વૈજ્ઞાનિક.
- ૨૧ નવેમ્બર ૧૮૯૮ માર્થા વોલ્સ્ટેઈન - અમેરીકન તબીબ અને વૈજ્ઞાનિક, પેડ્રીયાટીક અને પેથોલોજીસ્ટ
- ૨૨ નવેમ્બર ૧૯૪૨ ગુઓન બ્લુફોર્ડ - અમેરીકન અવકાશયાત્રી, પ્રથમ બ્લેક અવકાશયાત્રી જે ૩૦ વર્ષની ઉંમરે સ્પેશમાં ગયા
- ૨૨ નવેમ્બર ૧૯૧૭ સર એન્ડ્રુય હકઝલી - તેઓ એક ઇંગ્લીશ ફીઝીઓલોજીસ્ટ, ૧૯૬૩માં તબીબક્ષેત્રનું નોબલ પારિતોષિક મળ્યું હતું.
- ૨૩ નવેમ્બર ૧૯૩૫ વાલ્દીસ્લાવ વોલ્કોવ - તેઓ સોવિયેટના કોસ્મોનોટ હતા. રશિયાના સ્પેશ મિશનમાં મહત્ત્વનું યોગદાન આપનાર વૈજ્ઞાનિક
- ૨૩ નવેમ્બર ૧૯૩૪ રીટા. આર કોલવેલ - અમેરીકન બાયોલોજીસ્ટ, એડવાન્સ બાયોટેકનોલોજી પર કામ કરનાર પ્રથમ મહિલા વૈજ્ઞાનિક
- ૨૪ નવેમ્બર ૧૯૪૪ વીરભદ્રન રામનાથન - ભારતીય હવામાન વૈજ્ઞાનિક, ૧૯૯૯માં 'એશિયન બ્રાઉન કલાઉડ'ના શોધક
- ૨૪ નવેમ્બર ૧૬૨૬ સ્તુંગ ડાઓ લી - ચાઈનીઝ મૂળના અમેરીકન ભૌતિક વૈજ્ઞાનિક, ૧૯૫૭માં નોબલ પારિતોષિક વિજેતા
- ૨૫ નવેમ્બર ૧૯૧૩ લેવીસ થોમસ, અમેરીકન તબીબ અને ઈમ્યુનોલોજી તથા પેથોલોજી વૈજ્ઞાનિક
- ૨૫ નવેમ્બર ૧૯૧૧ એચલસ્ટેન ફેડરીક સ્ફીલહાસ - સાઉથ આફ્રીકન - અમેરીકન જીઓફીઝીસ્ટ
- ૨૬ નવેમ્બર ૧૯૪૦ બોરીસ યેગોરોવ - સોવિયેટ ફીઝીશીયન, સ્પેશમાં કામ કરનાર પ્રથમ ડૉકટર
- ૨૬ નવેમ્બર ૧૯૩૭ જીન ડસેટ - ફ્રેન્ચ ઈમ્યુનોલોજીસ્ટ, ૧૯૮૦માં નોબલ પ્રાઈઝ વિજેતા
- ૨૭ નવેમ્બર ૧૯૫૫ બીલની - અમેરીકન એન્જીનીયર અને સાયન્ટીફીક ઈન્વેસ્ટર
- ૨૭ નવેમ્બર ૧૯૨૩ અર્નેસ્ટ વિલ્કન્સ - બ્લેક અમેરીકન ભૌતિકશાસ્ત્રી, ગણીત શાસ્ત્રી અને ઈજનેર

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી?**
**જવાબ - હરીભાઉ બાગડે**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) રેખા એમ. જાદવ : સેકટર-૩૦
(૨) ઋજિત એન. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૬) જયેન્દ્ર એન. પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કોલેજ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનનું નામ શું?**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ડ (૩) ક (૪) ડ (૫) અ (૬) ડ (૭) અ (૮) ક (૯) ડ (૧૦) ડ (૧૧) ક (૧૨) ક (૧૩) ક (૧૪) બ (૧૫) ક

# વિવિધ તહેવારો આપણામાં ભાઈચારાની ભાવના જીવંત રાખે છે

## અને મારી દિવાળી ધન્ય બની... અવલોકન

- ડો. વર્ષા પારેખ

પાટનગરના સાહિત્યકારો, કલાકારો, વિદ્વાનો, ડૉકટર્સ, અધ્યાપકો, પાટનગરની વિવિધ સંસ્થાઓ કલ્ચરલ ફોરમની વિવિધ પ્રવૃત્તિઓ અને તેની નવરાત્રી, પાટનગરના સામાયિકો, પાટનગરનો પ્રકાશ દેશ અને દુનિયામાં પાથરે છે અને એ પ્રકાશના અજવાળે વિશ્વફલક પર આજે ગાંધીનગર પ્રકાશે છે.

વિવિધ તહેવારો આપણામાં ભાઈચારાની ભાવના જીવંત રાખે છે. દિવાળીના તહેવાર નિમિત્તે તંત્રીશ્રી ભરત કવિ અને તમામ સભ્યોની શુભકામના સહિત પાટનગર પ્રકાશ સાપ્તાહિકને દીપોત્સવી અંક. ૨૦૧૪ મને મળ્યો અને મારા આંગણામાં રહેલ દીપક અને રંગોળીમાં જીવંતતા આવી. કારણ... એમનાં લેખોએ મારા હૃદયને દૈદિપ્યમાન બનાવ્યું. આ લેખોની મારા પરિવાર સાથે પણ ચર્ચા કરતાં અમારી દીવાળી સોળે કળાએ ખીલી ઊઠી.

આત્માના આ આનંદને આપ સર્વ સાથે વાગોળવાનો વિચાર સ્ફૂર્યો અને મેં કલમનો સાથ લીધો.

જનસામાન્યને રૂચિકર લેખો એક દીપકની જેમ પ્રકાશ પાથરે છે અને સર્વને સ્પર્શે છે. ઊંચા ગજાના સાહિત્યકારોના લેખો એક સાથે એક જ અંકમાં અને તે પણ દીપાવલીના પર્વે... સ્વચ્છ ઘર.... સુંદર ઘરેણાં સાથે અંતરાત્માને પણ આ લેખોના મનન સાથે શણગાર્યો... દરેક લેખની અલગ આભા છે. આજે એમાંના કેટલાક લેખને વાચા આપતાં હર્ષની લાગણી અનુભવું છું.

૩૫ વર્ષથી બાળકો સાથે મારો ઘરોબો બંધાયો છે, બાળક ખુશ તો... ઘર... શાળા... વિશ્વ ખુશ... મનુભાઈ પંચોળી 'દર્શક' નો લેખ - 'સાંથિના વાવેતરને પાણી પાઈએ...' જેમાં બાદશાહ અને બીરબલની વાત થકી સમગ્ર આલમને મળતો સંદેશ કે બાળક કોઈ સંગ્રહસ્થાન નથી. પ્રદર્શનની ચીજ નથી... ફક્ત ભણતર નહિ, કેળવણી દ્વારા બાળકમાં રહેલ સમગ્ર શક્તિનો તેની વય સાથે પ્રગટ થવા દેવાની અનુકૂળતા આપવી. બાળકની ભીતરમાં ખજાનો છે. બસ... એને ખીલવવાની તક આપો.

મોહમ્મદ માંકડના 'પ્રાર્થના' લેખમાં અખાની વાણી કે જે સૌને સ્પર્શે છે...

"આંધળો સસરોને શણગટ વહૂ
કથા સૂણવા ચાલ્યું સહું
સાંભળ્યું કશું અને સમજ્યુ કશું
અખા, આંખનું કાજળ ગાલે ઘસ્યું..."

પ્રાર્થનામાં રહેલી વૈજ્ઞાનિકતા અને ફિલોસોફી હૃદયને સ્પર્શે... આપણામાં રહેલી શ્રદ્ધામાં બળ પૂરે - આ જ સાચી પ્રાર્થના. આ લેખમાં વિજ્ઞાનશાસ્ત્રી ગેલિલિયોની દૂરબીનની શોધ તેમની પ્રાર્થનાની શ્રદ્ધાનું ઉત્તમ ઉદાહરણ છે.

'ફોન કટ' નામની વાસ્તવિકતા સભર વાર્તા આજના સમાજની તાતી તસ્વીર છે. પ્રવિણ ગઢવીની કલમે આજના અધિકારીઓની વ્યવસાય દરમિયાનની ચેષ્ટાને તો ઉજાગર કરે જ છે. પરંતુ કયાંક સ્ત્રીઓના સ્વાર્થભર્યા પ્રેમને અને તેમની કુટુંબ પ્રત્યેની ભાન ભૂલેલી વફાદારી પણ તાદશ્ય થાય છે. અને એમાંય ઘટના અનુસાર લખાયેલ ગઝલની પંક્તિ...

"જયારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,
અને તેમાં ઉમેરાયેલ પંક્તિ...
ત્યારે જગતમાં સ્વાર્થની શરૂઆત થઈ હશે..."

મને ખૂબ જ સ્પર્શી છે.

અંતરંગ અનુભવની ભાવમુદ્રામાં આલેખાયેલ સોલિડ મહેતાનો પરિચય અને એમની રચનામાં આલેખાયેલ પ્રણય અને પ્રભુનો સંગમ... ૧૦૮ ગઝલ પુષ્પોની માળા વંદનસહ પૂ. મોરારિબાપુને અર્પણ કરી હશે ત્યારે તે સર્જક પ્રત્યે પૂ. બાપુને અને ઉપસ્થિત સૌ ભાવુક જનતાને કેવી અનુભૂતિ થઈ હશે તેને નિજ આંખ જ જોયાનો અને અનુભવ્યાનો ખેદ અનુભવું છું.

અજબ તુ, ગજબ તું
સરળ ને સહજ તું!
અનાયાસ સોલિડ,
લખાતી ગઝલ તું!

સ્થૂળ અને સૂક્ષ્મનું આ મિલન મજાનું છે. પ્રકૃતિમાં સર્વત્ર... 'તૂ હી તૂં' નું દર્શન થાય છે વળી,

કોણે કીધું પથ્થર છે તું?
મારે મન તો ઈશ્વર છે તું!
રોજ ધબકતું હૈયું બોલે...
બહાર એવી અંદર છે તું.

હાડ-માંસ-ચામડી અને મજ્જાયુક્ત એક જીવંત વ્યક્તિની આ ભ્રમણા મને ખૂબ મજાની લાગી.

બાળપણથી લઈ વયોવૃદ્ધ સુધી સ્પર્શતી અને માત્ર મધુર કલ્પનામાં રાચતી કવિની વાણી...

તારી સ્પર્શે પાવન થાઉં,
ગંગા જેવી નિર્મળ છે તું!
તારું ધાર્યું કરવા માટે,
રીત બધી અજમાવે છે તું
બેસી સરવરની પાળે તું,
પાંચીકા પાંચ ઉછાલે તું!

કવિ સોલિડની ભાવસભર પંક્તિઓ દ્વારા લખાયેલ લેખ સોલિડના જીવનચરિત્રની પારદર્શિતા છે. એક કવિનો પરિચય - હર્ષદ ત્રિવેદીના લેખે મને સોલિડના કાવ્યો - ગઝલો વાંચવા પ્રેરિત કરી છે.

'બા' નું પાત્ર હંમેશા સાહિત્ય જગતને અને ભાવુકોને સ્પર્શે છે. દરેક પુત્ર કે પુત્રી માટે 'બા' પરમાત્માનું સ્વરૂપ છે. સુખ-દુઃખ, આશા-નિરાશાની તડકા - છાયડાથી ભરેલ આ સૃષ્ટિમાં કોઈ પણ જાતની આશા વિના - નિઃસ્વાર્થ પ્રેમ કરી શકનાર ફક્ત 'બા' જ છે.

'જનનીની જોડ સખી નહિં જડે રે લોલ...'

ફાધર વાલેસના આ લેખમાં લખાયેલ છેલ્લો ફકરો મને જગતની તમામ 'મા' ને વેદન કરાવે છે. ફાધર વાલેસના પ્રવચન સમયે અચૂક હાજર રહેતાં બા - ના શબ્દો - મારે તારા પ્રવચન સાથે કામ નથી, મારે તારી હાજરી સાથે કામ છે... તું બોલજે. હું ખૂણામાં બેઠી બેઠી ભગવાનને કહેતી રહીશ કે, તારી વાતો બધાને સ્પર્શે... બોલ તારી સાથે આવું કે ન આવું? સહજ ભાવે બા ના હૃદયમાંથી સ્ફૂરેલા આ શબ્દો જન્મદાતાને શત્ શત્ વંદન કરાવે છે... મારા જીવનમાં પણ મારી બા 'મણી બા' ના ઉછેરનું વિશેષ મહત્ત્વ છે. આજે કાર્ય માટેની તાકાત અને બળ તેમનાં આશીર્વાદ થકી જ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ભાઇ તું ખરો સાધુ છે, તે વેર તથા ક્રોધ બંને જીત્યા, મેં તો ભગવા ધાર્યા છે, પણ તું તો વગર ભગવે સાધુ થયો, તને પ્રણામ કરું છું

## 'મોટા ધિંગાણા બાકી છે' કથા

- અનંત ન. વ્યાસ

શેઢી નદી રામગઢ ગામની બે બાજુ વહે છે. એક બાજુ પર નાનકડું શિવ - મંદિર છે. ત્યાં તાજેતરમાં એક સાધુ આવ્યા છે. એકવડુ પણ નક્કર શરીર, ગાસડ જેવી આંખો, અણીદાર નાક તથા વિશાળ કપાળ પહેલી નજરે જ આ માણસ સાધુ ન લાગે, દેખાવ પરથી ઉંમરનો ખ્યાલ ન આવે, પણ છે વિદ્વાન - સાંજે સત્સંગ થાય છે તો ગામના માણસો આવવા લાગ્યા. આ સત્સંગીયોને ક્યારેક નવાઇ લાગે છે કારણ આ મહાત્મા શેરીને સામે પાર આવેલા એક ખંડેર જેવા મકાન તરફ તાકી-તાકી જોતા હોય છે.

એક સાંજે લોકોએ સાધુને એ ખંડેર - જેવા મકાન પાસે જોયા, સાધુએ લોકોને પુછ્યું, 'આ ખંડેર...'

હા, બાપુજી, આ તો વાલા ડોસાનું મકાન છે.

વાલા ડોસા?

એ તો મૃત્યુ પામ્યા, વીસ કરતાં વધારે વરસ થઇ ગયા...

'એનો કોઇ વારસ નથી...?'

હતો ને, કરશન નામનો ભત્રીજો, ભારે તોફાની. ગામ આખામાં રાડ બોલવતો, મોટો થતાં દારૂના રવાડે ચડેલાં... પછી તો એ મીલીટરીમાં ભરતી થઇ ગયેલા... અત્યારે ક્યાં હશે? હશે કે નહિ... તે પણ કોઇ જાણતું નથી.

સાધુ ધીમા પગલે પાછાં ફર્યા. સાથે આવનારને ઝોળામાંથી કાઢી એક ફોટો દેખાડ્યાં... મેજર કરશન રાઠોડ - પરમવીર ચક્ર વિજેતા, પૂર્ણ મીલીટરીના ડ્રેસમાં અતિ ભવ્ય લાગતા હતા મેજર.

ગામ લોકોને સમજ પડી... 'બાપજી, તમે...

હા, હું એ જ કરશન - આ ગામનો તોફાની છોકરો... હું ઋણ ચુકવવા આવ્યો છું. વાલાકાક તો મારે મન ગુરૂ જેવા છે તેણે મને મંત્ર આપેલો...'

વાલા ડોસાએ મંત્ર આપેલો? શી વાત...

હા, જયારે જયારે હું તોફાન કરી - કોઇને મારીને આવું તો કાકા કહેતા, મોટા ધિંગાણા તો હજુ લડવાના છે. તેમાં જીતે તો શૂર કહું. મેં ગામ પર હુમલો કરવા આવેલા લૂંટારુઓને તગડેલા ત્યારે પણ આજ વાક્ય મોટા ધિંગાણા... પછી તો હું લશ્કરમાં ભરતી થયો ધીમે ધીમે આગળ વધ્યો. ગઇ લડાઇમાં મેં દુશ્મન દેશ સામે ભારે શોર્ય બતાવ્યું. એકલા હાથે ત્રણ દિવસ સરહદ સાચવી. મને પરમવીર ચક્ર મળ્યા. વાલાકાકાને પગે લાગવા આવ્યો તો કહે, 'મોટા ધિંગાણા તો હજી હવે લડવાના છે. તેમાં જીતે તો શૂર કહું' મને થતું આના કરતાં વધારે મોટું મોટું ધિંગાણું કયું હશે? પણ લશ્કરનું નામ. અને આદત - મેં સારાસાર વિવેક ખોયો ગામને યાદ હશે. આ ગામનની એક યુવતી પર નજર બગાડી. તેના ભાઇનું ખૂન કર્યું ને બળાત્કાર કર્યો.

વાલાકાકાને ખબર પડ્યા, તેણે મને લશ્કરના મેજરને બે તમાચા મારી દીધા. 'બાપલા, નાર્મદ - હારીને મારે ત્યાં આવ્યો છે. મેં નથી કીધું, મોટું ધિંગાણું જીતે તો શૂર કહું - તું તો ડરપોક છો ભાગ અહિંથી' મને વાલાકાકાએ ધૂતકારી કાઢી મૂક્યો. મને વાલાકાકાના શબ્દોનો અર્થ શોધવા મેં ભારે પ્રયત્ન કર્યા. અંતે એક સંતે મને સમજાવ્યું. માણસને મોટામાં મોટું ધિંગાણું પોતાની જાત સાથે લડવાનું હોય છે. કામ તથા ક્રોધ સાથે જીવનભરની લડત જે ચલાવે તે શૂર કહેવાય. આમાં મોટા મોટા ઋષિ - મુની હારી ગયા છે. તું ન તો કામને કાબુમાં રાખી શક્યો ન ક્રોધને. જો સામે પેલા આખલા લડે છે. એ માત્ર ખાવા માટે - માણસથી એમ ન લડાય. શારીરિક તાકાતથી કોઇને મારી નાખવા - એ તો પશુનું કામ - માણસ હોય એ તો પોતાની જાતને મારે. ધિંગાણું દુર્ગુણો સામે કરવાનું ને તેમાં જીતવાનું છે. એમ મોટામાં મોટું ધિંગાણું...

મને સંતના શબ્દો સમયમાં ત્યાં જ લશ્કરી ડ્રેસ ઉતારી નાખ્યા. ઘણા વરસથી આ મોટું ધિંગાણું લડું છું ને હવે... મારું ઋણ ઉતારવા આવ્યો છું...

મેં કરેલા ખૂન તથા બળાત્કારનો પસ્તાવો મારે જ કરવો જોઇએ. એ કુટુંબમાં જો કોઇ જીવિત હોય તો આગળ આવે. હું ગુનો કબુલ કરી પોલીસના શરણે જવા માટે પણ તૈયાર છું. મને ખબર છે કે મારા ગુના માટે મને ફાંસી થશે... હું મારી મિલકત પણ આ ગામના ચરણે ધરું છું. ગામ જે સજા ફટકારશે... તે પણ સહન કરીશ. મારો આત્મા મને કાયમ ડંખે છે. પાપનું પ્રાયશ્ચિત મારે કરવું છે.

સૌ સત્સંગીઓ વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયા. હવે એ કુટુંબમાં કોઇ છે કે કેમ? તપાસ કરીએ' જેવી વાતો થવા લાગી. સાધુ શાંતિથી વાતો સાંભળતા હતા ત્યાં મંદિરનો માળી આગળ આવ્યો કહે, 'હા' હું તેનો ભાઇ છું. જુઓ આ ત્રિકમ - આના બંને પાના પર મારી બહેન ભાઇનું લોહી મેં લગાડ્યું છે. વરસોથી હું આ ત્રિકમ જોઉં છું મને મારી ભાઇ-બહેન યાદ આવે છે. તેનું વેર લેવાની ઝંખના જાગે છે. મને ચોક્કસ ખબર હતી કે પાપી પાછો ક્યારેક તો આવશે જ. તેનો આત્મા તેને ખેંચી લાવશે. સાધુ બે ડગલાં આગળ આવ્યા. માથું નમાવી કહે, લે ઉપાડ ત્રિકમ ને કર વેર તૃપ્તિ....

માળી ઘડીભર સાધુ સામે જોઇ રહ્યા. પછી કહે... બસ મારું વેર વળી ગયું. મને મોટું ધિંગાણું જીતી ગયા છો, તો હું શા માટે તમને મારી હાર પામું છું. હું પણ મોટું ધિંગાણું જીતવા ઇચ્છું છું.

સાધુ કહે, ભાઇ તું ખરો સાધુ છે. તે વેર તથા ક્રોધ બંને જીત્યા. મેં તો ભગવા ધાર્યા છે. પણ તું તો વગર ભગવે સાધુ થયો. તને પ્રણામ કરું છું.